


ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે મંગળવાર કોરોધાકોર પસાર થયો. જો કે હજુ ત્રણ દિવસની આગાહી છે એટલે આશા છે આગામી બે-ત્રણ દિવસમાં ચાર-પાંચ ઈંચ વરસાદ પડી જાય તો ઘેર-ઘેર આનંદ ભયો..!

**કોરોના મુખ્યમંત્રી કાર્યાલયે પહોંચ્યો**

મુખ્યમંત્રી કાર્યાલયમાં કાર્યરત મીડીયા એજન્સીના કર્મચારીને કોરોનાનો રીપોર્ટ પોઝીટીવ આવતા કર્મચારીઓમાં ફફડાટ વ્યાપ્યો છે. જો કે રાહતની વાત એ છે કે છેલ્લા ચારેક દિવસથી આ કર્મચારી ઓફિસ આવતા નથી જેના કારણે અન્યને ચેપ લાગવાનો ભય નથી. આમ તો સ્વર્ણિમ સંકુલમાં પ્રવેશદ્વાર ઉપર જ ઓટોમેટીક થર્મલ સ્કેનર દ્વારા ટેમ્પરેચર માપવામાં આવે છે.

**મહાનગરપાલિકા નવો ચીલો ચાતરે છે**

ગાંધીનગર મહાનગરપાલિકા આ વખતે તત્કાલીન મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના વિચારને અમલી બનાવી આ વર્ષે સ્વાતંત્ર્યદિનની ઉજવણી કુડાસણ સરદાર ચોક ખાતે કરશે. વર્ષો સુધી ગાંધીનગરમાં મહાનગરપાલિકા અને જિલ્લા પંચાયત તેમની વડી કચેરી ખાતે ધ્વજવંદનનો કાર્યક્રમ યોજે છે પરંતુ જેવી રીતે રાજ્યકક્ષાના સ્વાતંત્ર્યદિન અને પ્રજાસત્તાક દિનની ઉજવણી અલગ-અલગ જિલ્લામાં શરૂ કરાયુ હતુ તેમ મહાનગરપાલિકાએ પણ નવા વિસ્તરાયેલા કુડાસણના સરદાર ચોકમાં ધ્વજવંદનનો કાર્યક્રમ યોજવાનું નક્કી કર્યુ છે અને આ પરંપરા જો ચાલુ રખાશે તો શહેરના બધા વિસ્તારોને ઉજવણીનો લાભ મળશે.

**માધવ અને મહાદેવના મેળા વિના શહેર સુનુ સુનુ**

કોરોનાથી કારાગૃહમાં પરિવર્તિત થયેલ જનજીવનમાં આજે ભગવાન કૃષ્ણ પણ ઘેર ઘેર અવતરશે. મેળાનો મહિમા ધરાવતો સમાજ આ વરસે માધવ અને મહાદેવના મેળા નહીં યોજાતા શહેર સુનુ સુનુ લાગી રહ્યું છે. પંચદેવ મંદિર અને ધોળેશ્વર મહાદેવ યોજાતા મેળાથી જનજીવનનો એક ધબકાર આવતીકાલની ઉર્જા બની પ્રસરતો હતો. પરંતુ આજે તો 'ચ' માર્ગ પર જવા મન માનતુ નથી અને ધોળેશ્વરનો માર્ગ પણ સાવ સુનો ભાસે છે.

**શહેરમાં શ્રાવણીયો જુગાર પુરબહાર**

સાતમ-આઠમ એટલે શ્રાવણીયા જુગારની મોસમ. આમ તો કૃષ્ણ જન્મોત્સવ સાથે કેવી રીતે જુગાર જોડાયો એ સંશોધનનો વિષય હોવા છતાં સામાજીક માન્યતા અપાઈ હોય તેમ ''બે દિવસ તો બેસવું પડે'' છેલ્લા ચાર દિવસથી અખબારોના પાના ઉપર જુગાર રમતા પકડાયાના અહેવાલો થોકબંધ આવે છે. કેટલાય નિયમિત શોખીનો છે અને કેટલાંક પર્વ આધારીત છે. કેટલાંક ધંધાદારીઓ પણ ફુલ્યાફાલ્યા છે. પરંતુ જુગારી માનસિકતા દૂર કરવા જો પોલીસ પ્રામાણિક હોય તો સલામને પાત્ર છે. બાકી ગોઠવણ ન થઈ એટલે દરોડો પડતો હોય તો ચિંતાને પાત્ર છે. ખેર, જન્માષ્ટમીને જન્માષ્ટમી જ રહેવા દઈએ. 'જુગારાષ્ટમી' ન બનાવીએ.

**શહેરમાં મીની વેકેશન**

ગાંધીનગરમાં પાંચ દિવસમાં ત્રણ રજાના કારણે મીની વેકેશનનો માહોર સર્જાશે. આજે જન્માષ્ટમી અને બે દિવસ બાદ શનિવારે સ્વાતંત્ર્ય દિન અને રવિવારે જાહેર રજા એમ ત્રણ દિવસની રજાને પગલે અને મેળા પર પ્રતિબંધ હોવાથી મીની લોકડાઉન લાગશે.

**'અર્ક' આજનો...**

તહેવારો સારા જાય એના કરતાં વ્યવહારો સારા સચવાય તે જરૂરી છે.

# શહેરમાં વાદળિયા વાતાવરણ વચ્ચે શ્રાવણિયો વરસાદ

**બપોરના સમયે ઝરમર વરસતા વરસાદથી ઠંડક પ્રસરી : શહેરમાં સિઝનનો ૨૧ ઇંચ વરસાદ : જિલ્લામાં ૫૦ ટકા વરસાદ થયો**



ગાંધીનગર તા ૧૧

શહેરમાં અષાઢમાં ગાજયા મેઘ વરસ્યા નહીં પરંતુ શ્રાવણમાં વરસાદની મોસમ નિખરી છે. રોજબરોજ મેઘરાજા હાજરી પુરાવી જાય છે. વરસાદી વાયરા વચ્ચે શ્રાવણના સરવરિયા વરસતા શહેરમાં રોજ ભીંજારાનો માહોલ જોવા મળી રહ્યો છે. બે દિવસ પુર્વે પણ મેઘરાજાએ મન મુકીનો વરસીને શહેરને વરસાદી પાણીમાં ધમરોળ્યુ હતુ. શહેરમાં ઋતુ નિખરતા હરિયાળીમાં પણ નિખાર આવ્યો છે. સેકટરોમાં હરિયાળા દ્રશ્યો આંખોને ઠંડક આપી રહ્યા છે. જયારે સેકટરોના આંતરિક વિસ્તારોમાં વરસાદી દુવિધાઓ પણ સ્થાનિકો માટે પરેશાનીનુ કારણ બની છે. જયારે અષાઢમાં વરસાદ સતત સંતાકુકડી રમતો રહ્યો આમછતા એકાદ તોફાની રાઉન્ડના અંતે નગરજનોને ચોમાસુ શરૂ થઈ ગયુ હોવાનો અહેસાસ પણ થતો હતો. છેલ્લા કેટલાક દિવસોથી વરસાદના અભાવે વાતાવરણમાં આકરા બફારાનુ પ્રમાણ વધ્યુ હતુ. જેના લીધે નગરજનો ગરમીથી ત્રાહીમામ થયા હતા. જો કે હજુ ઝરમરિયા વરસાદ વચ્ચે ઉકળાટનુ પ્રમાણ યથાવત છે. શહેરમાં અત્યાર સુધી સિઝનનો ૫૩૮ મી મી અલબત્ત ૨૧ ઈંચ વરસાદ વરસ્યો છે. જયારે જિલ્લામાં પણ સિઝનનો ૫૦ ટકા વરસાદ થઈ ગયો છે. જેના લીધે ખેડુતો પણ ખુશહાલ જોવા મળી રહ્યા છે. શહેરમાં રોજબરોજ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી વાદળો અલપ ઝલપ વરસી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે. ૨૬માં એક જ પરિવારના ૪ને કોરોના

**સે. ૨૬ માંથી પાંચ, સે. ૧૭, સે. ૨૪, સે. ૧૯, સે. ૩ અને સે. ૨૭ માંથી કેસો મળી આવ્યા**

## શહેરમાં આજે વધુ ૧૦ કેસ

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૦ કેસ નોંધાયા છે. શહેરમાં કોરોનાના કેસોની સંખ્યા આ સાથે વધીને ૫૮૩ થઈ છે.

આજે થર્મલ પાવર સ્ટેશનના ઈજનેર, કુરિયર સર્વિસ સાથે સંકળાયેલ, ફાર્માસ્યુટીકલ કંપનીના કર્મચારી સહિતના લોકો કોરોનાની ઝપટમાં આવી ગયા છે.

આજે સે. ૩, સે. ૧૯, સે. ૨૪, સે. ૧૭, સે. ૨૭ ઉપરાંત સે. ૨૬ માંથી પાંચ કેસ મળી આવ્યા છે. આજે નોંધાયેલા કેસમાં બે મહિલા દર્દીઓ છે. બે દર્દીઓ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં દાખલ થયા છે. એક દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જયારે બાકીના દર્દીઓને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર શહેરમાં કેસોની સંખ્યા ૬૦૦ની નજીક પહોંચી રહી હોવાથી તંત્રની ચિંતામાં વધારો થયો છે. જો કે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત જરૂર છે. શહેરમાં કોમ્યુનીટી ટ્રાન્સમિશન કે લોકલ ટ્રાન્સમિશન તેને લઈ તંત્ર હજુ પણ દ્વિધામાં છે. જો કે તંત્રએ હવે કોરોનાના સંક્રમણને નિયંત્રિત કરવા આક્રમક વ્યુહરચના તૈયાર કરી હોવાનું તંત્રના સૂત્રોએ કહ્યું છે.

મળતી વિગતો પ્રમાણે સે. ૩-ન્યુ માં રહેતા અને અમદાવાદમાં કુરિયર કંપની સાથે સંકળાયેલ એક ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. તંત્રએ આ દર્દીના પરિવારના ૩ સભ્યોને હોમ ક્વોરોન્ટાઈન કર્યા છે.

ફર્નિચરના વ્યવસાય સાથે સંકળાયેલા સે. ૨૬ ના એક જ પરિવારના ૪ વ્યક્તીના કોરોના પોઝીટીવ આવતાં તંત્ર ચોંકી ઉઠ્યું છે.

મળતી વિગતો મુજબ આ પરિવારમાંથી એક ૮૦ વર્ષીય મહિલા, ૫૯ વર્ષીય પુરૂષ, ૪૬ વર્ષીય પુરૂષ, ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

તંત્રએ આ પરિવારના અન્ય ૬ વ્યક્તીઓને હોમ ક્વોરોન્ટાઈન કરેલ છે તેમજ આ પરિવાર કેવી રીતે સંક્રમિત થયો છે તેની વિગતો મેળવવાનુ શરૂ કર્યુ હોવાનું જાણવા મળેલ છે.

આ ઉપરાંત સે. ૨૬ માંથી એક ૨૧ વર્ષીય યુવા વિદ્યાર્થીનો

● અનુસંધાન પાન-૭ પર

## શહેરમાં આજે ૧૧૭ લોકોના ટેસ્ટ કરાયા

**સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન સે. ૨૬ અને ૨૪ માં છે : કન્ટેનમેન્ટ ઝોન ૨૦૦ થી વધુ છે**

ગાંધીનગર શહેરમાં કોરોનાના સંક્રમણને અટકાવવા માટે તંત્રએ હવે આક્રમક વ્યુહરચના તૈયાર કરી છે. આજે એક જ દિવસમાં ૧૧૭ લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા છે. ગઈકાલે આ ૧૦૪ જેટલા લોકોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. હજુ આ કામગીરી આગામી દિવસોમાં પણ ચાલુ રહેશે.

દરમ્યાન શહેરમાં હાલ ૨૦૦ થી વધુ કન્ટેનમેન્ટ ઝોન આવેલા છે. જેમાં સૌથી વધુ કન્ટેનમેન્ટ ઝોન સે. ૨૬ અને સે. ૨૪ માં છે. આ ઉપરાંત સે. ૨૨, સે. ૨ માં પણ કન્ટેનમેન્ટ ઝોન છે.

શહેરમાં કન્ટનમેન્ટ ઝોન હેઠળ હાલ ૧૨ હજાર જેટલા લોકોને આવરી લેવામાં આવ્યા છે.

# ગ્રામ્ય વિસ્તારમાં વધુ ૨૧ કેસ

**વાવોલ, અડાલજ, કુડાસણ, સરગાસણમાંથી બે-બે કેસ મળ્યા : સારવાર દરમ્યાન કલોલની મહિલાનું મોત : ગાંધીનગરમાં ૧૧, દહેગામમાં ૨, માણસામાં ૩ અને કલોલમાં વધુ પાંચ કેસ નોંધાયા**

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે કોરોનાના વધુ ૨૧ કેસ મળી આવ્યા છે. આજે સારવાર દરમ્યાન ગ્રામ્ય વિસ્તારના વધુ એક મહિલા દર્દીનં મોત થયુ છે.

ગ્રામ્ય વિસ્તારમાં વધતા જતા મૃત્યુદરને લઈ તંત્રની ચિંતા વધવા પામી છે. આજે થયેલ આ મૃત્યુ સાથે ગ્રામીણ વિસ્તારમાં મૃત્યુનો આંક વધીને ૮૬ થયો છે.

મળતી વિગતો પ્રમાણે આજે સારવાર દરમ્યાન કલોલની એક ૬૨ વર્ષીય મહિલાનું મોત થયુ છે. આ મહિલાને સારવાર માટે ૯મી ઓગષ્ટના રોજ દાખલ કરવામાં આવેલ હતી.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં જે ઝડપથી કેસો વધી રહ્યા છે અને મૃત્યુઆંક વધી રહ્યો છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. ગ્રામીણ વિસ્તારમાં સઘન સર્વેલન્સ, મોનીટરીંગ તેમજ હવે ખાસ કેમ્પો કરી અને સ્કીનીંગની કામગીરી પણ હાથ ધરવામાં આવી છે.

ભાટ-કોટેશ્વર અને રાંચરડામાં કરાયેલ કેમ્પ બાદ કેટલા દર્દીઓ કોરોના પોઝીટીવના મળી આવ્યા તેને લઈ તંત્ર દ્વારા

● અનુસંધાન પાન-૭ પર

## ઝુંડાલમાં ૨૦૦ લોકોના પાંચ ટીમ દ્વારા સેમ્પલ લેવાયા

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં પણ કોવિડ-૧૯ના સંક્રમણને નિયંત્રિત કરવા માટે તંત્ર દ્વારા માસ સેમ્પલીંગની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આજે ગાંધીનગર તાલુકાના ઝુંડાલ ગામે પાંચ જેટલી ટીમો દ્વારા ૨૦૦ જેટલા દર્દીઓના ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં આ પહેલા રાંચરડા તેમજ ભાટ-કોટેશ્વર ખાતે પણ માસ સેમ્પલીંગ માટે તંત્ર દ્વારા કેમ્પ યોજવામાં આવ્યા હતા. જો કે થઈ રહેલા કેમ્પ પછી તેમાંથી કેટલા દર્દીઓ પોઝીટીવ મળ્યા તેને લઈ તંત્ર જે મૌન સેવી રહેલ છે તેથી લોકોની ચિંતા વધી છે.

## ગ્રાન્ટ અભાવે જિલ્લા પંચાયતની ૪ શાખાના કર્મયોગીઓ પગારથી વંચિત

ગાંધીનગર, તા. ૧૧

ગાંધીનગર જિલ્લા પંચાયતના ૫૦ થી વધુ કર્મયોગીઓના પગાર ગ્રાન્ટના અભાવે ના થતાં કર્મચારીઓના તહેવારોની ઉજવણી પણ અટકી પડી છે.

મળતી વિગતો પ્રમાણે જિલ્લા પંચાયતની ચાર જેટલી શાખાઓના કર્મયોગીઓનો પગાર ગ્રાન્ટના અભાવે અટકી પડ્યો છે. કર્મચારી મંડળના આગેવાનોએ પણ આ મુદ્દે નાયબ જિલ્લા વિકાસ અધિકારીશ્રીને મળી કર્મયોગીઓનો પગાર સત્વરે થાય તે માટે રજુઆત કરી હતી.

ચાર શાખાઓમાં માઈનસ ગ્રાન્ટ હોવાથી પગાર અટકી પડ્યો છે. સરકારના જ પંચાયતના કર્મચારીઓનો ૧૧મી તારીખ સુધી પગાર ના થયો હોવાથી આજે કર્મચારીઓમાં કચવાટની લાગણી પ્રસરી જવા પામી હતી. જન્માષ્ટમી સહિતના પર્વોની ઉજવણી આ પગાર વિહોણા કર્મયોગીઓના પરિવારની બગડી છે. જો કે હજુ પણ એકાદ સપ્તાહનો વિલંબ થાય તેવા સંકેતો મળી રહ્યા છે કારણ કે ગ્રાન્ટ આવે તે પછી જમા થાય અને ત્યારબાદ પગાર બિલ બનશે. કર્મયોગીઓને તે પછી પગાર મળશે.

હજુ તો આગામી દિવસોમાં ગ્રાન્ટ કાપ કેટલો આવશે તેને લઈ કર્મયોગીઓમાં ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. ગ્રાન્ટ કાપ થયો છે કે પછી માઈનસમાં ગ્રાન્ટ કેવી રીતે આવી તેને લઈ પણ ચર્ચાઓ શરૂ થઈ છે. ગાંધીનગર જિલ્લા પંચાયતમાં પહેલીવાર રેગ્યુલર કર્મયોગીઓનો પગાર ગ્રાન્ટના અભાવે અટક્યો છે અને તેથી જ સૌના મનમાં અનેક તર્ક વિતર્ક વહેતા થયા છે.

**સને ૧૯૮૨ના ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો અન્વયે ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. ગાંધીનગરની તા. ૧/૪/૨૦૨૦ના રોજની કામ ચલાઉ મતદાર યાદીની પ્રસિદ્ધ અંગેની નોટીસ**

**નમૂનો-૧**

**(જુઓ નિયમ-૬)**

ગુજરાત સહકારી મંડળી અધિનિયમ-૧૯૬૧ તથા ગુજરાત નિર્દિષ્ટ સહકારી મંડળીઓની સમિતિઓની ચૂંટણી બાબતના નિયમો-૧૯૮૨ અન્વયે સરકારશ્રીના ખેત, સહકાર અને ગ્રામ વિકાસ વિભાગની તા. ૨૯/૯/૧૯૯૪ની અધિસુચના ક્રમાંક : જીએચએએસ - ૧૦૯૪-૪૨-સી.એસ.એ.-૧૦૯૩-૨૨૭૨-છ થી કાયદાની કલમ-૧૪૫ (બી)(એ) અન્વયે મળેલ સત્તાની રૂએ હું જે. એમ. ભોરણિયા (જી.એ.એસ.), સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ અને પ્રાંત અધિકારી ગાંધીનગર, ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ., ગાંધીનગરની ગુજરાત સહકારી મંડળીઓ (સુધારા) અધિનિયમ-૨૦૧૫ મુજબ વિભાગવાર મતદાર મંડળ મુજબની કુલ ૦૧ (એક) થી ૧૨ (બાર) વિભાગવાળી મતદાર યાદી અંગે નીચે જણાવેલ અનુસૂચિનો કાર્યક્રમ જાહેર કરું છું.

| અ.નં. | વિગત | તારીખ | સમય | સ્થળ |
|---|---|---|---|---|
| ૧ | મતદાર યાદીની પ્રાથમિક પ્રસિદ્ધિ | તા. ૧૩/૮/૨૦૨૦ | ૧૧.૦૦ કલાકે | (૧) જિલ્લા કલેક્ટરશ્રી ગાંધીનગરની કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર (૨) પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર (૩) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગર 'બી' બ્લોક, સહયોગ સંકુલ, ૬ઠ્ઠો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર (૪) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર |
| ૨ | મતદાર યાદી અંગે વાંધો રજૂ કરવાની છેલ્લી તારીખ | તા. ૨૦/૮/૨૦૨૦ (જાહેર રજાના દિવસો સિવાય | ૧૧.૦૦ થી ૧૫.૦૦ કલાક સુધી | પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧ ગાંધીનગર |
| ૩ | મતદાર યાદીની આખરી પ્રસિદ્ધ | તા. ૨૬/૮/૨૦૨૦ | ૧૧.૦૦ કલાકે | (૧) જિલ્લા કલેક્ટરશ્રી ગાંધીનગરની કચેરી, પ્રથમ માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર (૨) પ્રાંત અધિકારી, ગાંધીનગરની કચેરી, બીજો માળ, જિલ્લા સેવા સદન, સેક્ટર-૧૧, ગાંધીનગર (૩) જિલ્લા રજીસ્ટ્રારશ્રી, સહકારી મંડળીઓ, ગાંધીનગર 'બી' બ્લોક, સહયોગ સંકુલ, ૬ઠ્ઠો માળ, પથિકાશ્રમ પાસે, ગાંધીનગર (૪) ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. 'ક' રોડ, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૫, ગાંધીનગર |

**સહી/-**
**(જે. એમ. ભોરણિયા)**
**ચૂંટણી સત્તાધિકારી**
**ગાંધીનગર જિલ્લા દૂધ ઉત્પાદક સંઘ લી.**
**અને**
**પ્રાંત અધિકારી, ગાંધીનગર**

કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર (ફોરકલર) જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 20"X30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૨૦૦૦/-
સીંગલ કલર જોબ પ્રિન્ટીંગ ૧૦૦૦ નકલ 23"X36", 20"x30", 18"x23"ની સાઈઝમાં માત્ર રૂા. ૫૦૦/-
ગાંધીનગરમાં ૨૪ કલાક ચાલુ રહેતો એકમાત્ર પ્રિન્ટીંગ પ્રેસ
અરજન્ટ પ્રિન્ટીંગ કરી આપવામાં આવશે.
પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com